નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત રાજ્ય સરકારનો સમાન ફાળો (Matching Contribution) વધારવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯.૧૦.૨૦૨૨

**વંચાણમાં લીધાઃ**

(૧) નાણા વિભાગનો તા.૧૮.03.૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ નપન/૨003/GOI/૧૦/પી
(૨) ભારત સરકારનું તા.૩૧.૦૧.૨૦૧૯નું જાહેરનામું ક્રઃ ફા.ક્ર/૧/3/૨૦૧૬/પી.આર.

**આમુખ :**

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૮.03.૨૦૦૫ના ઠરાવથી તા.૦૧.૦૪.૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ અધિકારી/ કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) હેઠળ આવરી લેવામાં આવેલ છે. એન.પી.એસ. અંતર્ગત કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦ % રકમ ફરજિયાત કપાત કરવામાં આવે છે જેની સામે રાજ્ય સરકાર દ્વારા ૧૦ % સમાન ફાળા (Matching Contribution) તરીકે જમા કરવામાં આવે છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના ભારત સરકારના તા.૩૧.૦૧.૨૦૧૯ના જાહેરનામાથી કેન્દ્ર સરકારના એન.પી.એસ. હેઠળના કર્મચારીઓના ૧૦ % ફાળા સામે સરકારી ફાળો ૧૪ % કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યના વિવિધ કર્મચારી સંગઠનોએ રાજ્ય સરકારના એન.પી.એસ. હેઠળના કર્મચારીઓના ૧૦ %

ફાળા સામે સરકારી ફાળો વધારવા રજૂઆતો કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકારના એન.પી.એસ. હસ્તકના અધિકારી/કર્મચારીઓની કપાત સામે સમાન સરકારી ફાળો (Government's Matching Contribution) નીચે મુજબ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનો ફાળો (Employee's Contribution) | સમાન સરકારી ફાળો (Government's Matching Contribution) |
|---|---|---|
| ૧. | ૧૦% | ૧૦% |
| ૨. | ૧૨% | ૧૨% |
| ૩. | ૧૪% | ૧૪% |

૩. એન.પી.એસ. અંતર્ગત અધિકારી/કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦% રકમ ફરજિયાત કપાત કરવાની જોગવાઇ યથાવત રહેશે પરંતુ જે અધિકારી/કર્મચારી પોતાનો ફાળો વધારવા માંગે છે તે ૧૨ % અથવા ૧૪ % પૈકીના કોઇપણ એક વિકલ્પ મુજબ કપાત કરવાનો વિકલ્પ આપી શકશે. અધિકારી/કર્મચારીએ પસંદ કરેલ વિકલ્પ મુજબની રકમ સમાન સરકારી ફાળા (Government's Matching Contribution) તરીકે જમા કરવાની રહેશે.

૪. અધિકારી/કર્મચારીએ સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીને કપાતની ટકાવારી અંગેનો વિકલ્પ આપવાનો રહેશે જેની સેવાપોથીમાં નોંધ લેવાની રહેશે. સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ તા.૦૧.૧૧.૨૦૨૨થી અધિકારી/ કર્મચારીના વિકલ્પ મુજબની કપાત કરવાની રહેશે. નાણાંકીય વર્ષમાં એકવાર વિકલ્પ આપ્યા બાદ કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહીં.

૫. આ જોગવાઇનો લાભ તા.૦૧.૦૪.૨૦૦૫ કે ત્યારબાદ નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળ નિયમિત નિમણૂક પામેલ રાજ્ય સરકારના/પંચાયતના /ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા કે જેના અધિકારીઓ/કર્મચારીઓને કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર(નોડલ

ઓફિસ) દ્વારા ફાળવવામાં આવે છે તેવી સંસ્થાઓના અધિકારીઓ/કર્મચારીઓને મળવાપાત્ર થશે.

૬. જે સ્વાયત્ત સંસ્થાઓએ નાણા વિભાગની મંજૂરીથી નવી વર્ધિત પેન્શન યોજના (NPS) નો સ્વીકાર કરેલ છે તે સંસ્થાઓએ તેમની નાણાકીય સધ્ધરતાને ધ્યાને લઇને આ ઠરાવ મુજબ સંસ્થા ફાળો વધારતાં પહેલાં નાણા વિભાગની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

૭. નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ ના ઠરાવથી લાગુ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સપના રણા)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
નાણા વિભાગની તમામ શાખાઓ
આઇ.ટી.,કો-ઓર્ડિનેટર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેક્ટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા